

જયો જયો મા-જગદંબે... આસ્થા અને ઉર્જાના મહાપર્વના મંગલાચરણે શ્રદ્ધાપૂર્વક નવરાત્રીનો મંગલપ્રારંભ શહેરમાં ઠેર ઠેર થયો હતો... ગરબા વિના નવરાત્રીનું આયોજન અલગ જ મહોલમાં આરંભાયું હતું... માતાજીની સ્થાપના, પૂજન-અર્ચન અને સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે માતાજીની આરતીના કાર્યક્રમો ભાવભક્તિ સાથે યોજાયા હતા... વૈશ્વિક મહામારી કોરોનાને કારણે ભવ્ય અને દિવ્ય આયોજન નથી યોજાયા પરંતુ માતાજીની ભાવસભર આરાધના ભાવિકોએ પ્રથમ નવરાત્રીએ જ આરંભી હતી... કેટલાય સ્થાનો પર ભાવિકોના આંખમાં ઝળઝળિયા પણ વહ્યા હતા... પરંતુ આચારસંહિતાનું અનુપાલન અનિવાર્ય હોય દર્શન, પૂજન અને આરતી દ્વારા આદ્યશક્તિનું ઉપાસના પર્વ આરંભાયુ હતું...

# એફોર્ડેબલ હાઉસીંગ માટે ખેતીની જમીનોને પરવાનગી

### લોકોના સપનાના ઘરને સાકાર કરવા સરકારની જાહેરાત

ગાંધીનગર,તા.૧૭

એફોર્ડેબલ હાઉસીંગમાં વધુ મોકળાશભર્યા અને ત્રણ રૂમ રસોડાના મકાનો બાંધી શકાય તે હેતુસર પ્રવર્તમાન ૮૦ ચો.મીટરના બિલ્ટઅપ એરિયાના સ્થાને હવે ૯૦ ચો.મીટર બિલ્ટઅપ એરિયાના યુનિટનો એફોર્ડેબલ હાઉસીંગમાં સમાવેશ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ગાહેડ-ક્રેડાઈ આયોજીત ૧૫માં પ્રોપર્ટી શો નું વર્ચ્યુઅલ ઉદઘાટન ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા કર્યુ હતું. જેમાં આ પ્રકારની

● અનુસંધાન પાન-૭ પર

**FITOOR KITCHEN**
ઓર્ડરથી નોનવેજ બનાવી આપવામાં આવશે. એક દિવસ અગાઉ ઓર્ડર આપવો જરૂરી છે.
97231 23972

**પ્લોટ વેચવાનો છે**
ગાંધીનગર –મહુડી રોડ, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક અને અલુવા હિલ્સ નજીક આવેલ બંસરી ગ્રીનમાં પ્લોટ નંબર- ૧૨, ૮૧૨ સ્કવેર યાર્ડ પ્લોટ વેચવાનો છે.
સંપર્ક નંબર : 98253 06605

# શહેરમાં વધુ ૧૮ કોરોનાથી સંક્રમિત

### આજે નોંધાયેલા તમામ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : શહેરમાં આજે સે. ૨ માંથી ૩, સે. ૭ માંથી ૩, સે. ૨૩ માંથી ૨, સે. ૨૯ માંથી ૨ ઉપરાંત સે. ૩, ૩-એ-ન્યુ, ૮, ૧૩, ૨૦, ૨૧, ૨૮ અને ઈન્દ્રોડામાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાંથી કોરોના પોઝીટીવના વધુ ૧૮ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧૬૪૦ થવા પામી છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે તે પણ કદાચ ઐતહાસિક ઘટના છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે નોંધાયેલ ૧૮ કેસમાંથી પાંચ મહિલા દર્દીઓ છે.

શહેરમાં આજે સે. ૨ માંથી ૩, સે. ૭ માંથી ૩, સે. ૨૩ માંથી ૨, સે. ૨૯ માંથી ૨ ઉપરાંત સે. ૩, ૩-એ-ન્યુ, ૮, ૧૩, ૨૦, ૨૧, ૨૮ અને ઈન્દ્રોડામાંથી કેસો મળી આવ્યા છે.

સે. ૨૩ માંથી માતા-પુત્રનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૭ વર્ષીય ગૃહીણી અને ૧૮ વર્ષીય દિકરાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૭ માં સંક્રમણના વધતા જતા કેસોએ તંત્રને હચમચાવી દીધુ છે. સે. ૭ માંથી ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં નવા ૧૪ કેસ

### ગાંધીનગરમાંથી ૭, દહેગામમાંથી ૧, કલોલ-માણસામાંથી ૩-૩ કેસ : ૧૭ને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૪ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે અને સતત કેસોમાં ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતાઓ વધી રહી છે.

આજે ગાંધીનગરમાંથી ૭, દહેગામમાંથી ૧, માણસામાંથી ૩, કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે. આજે પણ ૪ મહિલા દર્દીના કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૪૨ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. રાંધેજા ગામેથી ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

વાસણ ગામેથી ૩૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કુડાસણ ગામેથી ૬૧ વર્ષીય નિવૃત્ત પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

બીએસએફ આલમપુર કેમ્પસમાંથી ૨૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરમાંથી ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સરગાસણ ગામેથી પણ ૬૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

**વર્ષ-2020** **દરેક પરિણામમાં કિશોર ઈન્સ્ટિટ્યૂટ અગ્રેસર**

SINCE 2001 કિશોર ઈન્સ્ટિટ્યૂટ TM
*Come with Dreams... Return with success.....*

Std. : 6,7,8 (બધા વિષયો)
Std. : 9,10 (Guj./Eng. Medium) (NEET/JEE Foundation)

11th, 12th Science
NEET / AIIMS / GUJ.BOARD
JEE (MAIN / ADVANCED) / BOARD / GUJCET

Head Branch :
Kishor Institute, G-1 circle.
Branch :
Kishor Institute, Ch-6 Circle, Sector-22, Gandhinagar.
Mo. : 7069886002,7069876002



Anuj Barot
(NEET-2020)
665 / 720



Dev Patel
IIT Qualified
JEE 1st in G'Nagar



Saurabh Prajapati
99.97 PR (Gujcet)
99.87 PR (Guj. Board)



Jay Dave
99.95 PR (STD.10th)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com